# અરવલ્લી : ગાંધી બાપુના સ્મારક મીની રાજઘાટ (મહાદેવ ગ્રામ)થી ઉચ્ચ અધિકારીઓ અજાણ...!!

## ગાંધી નિર્વાણ દિને અધિકારીઓ ફરક્યા પણ નહિ




ભિલોડા,તા.૩૦
અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી નિર્વાણ દિવસની ઉજવણીના ભાગરૂપે દેશવાસીઓ શ્રદ્ધા સુમન અર્પણ કરી રહ્યા છે નેતાઓ દરેક ભાષણમાં મત મેળવવા યાદ કરે છે દરેક સરકારી મોટી ઓફિસો અને અધિકારીઓની કચેરીમાં બાપુની તસવીરો ટીંગાળી સત્ય અને ભ્રષ્ટાચાર વિરોધી હોવાની છબી ઉપસાવવા મથામણ કરતા હોય છે પરંતુ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે આવેલ ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ગાંધી સ્મારક પ્રચલિત છે નિર્વાણદિન નિમિત્તે આ સ્થળે જિલ્લામાંથી એકેય ઉચ્ચ અધિકારી કે અધિકારીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું સુજ્યું ન હતું જાણે બાપુ એકલા હોય અને બાપુને સ્વાર્થ પુરતાજ યાદ કરવામાં આવતા હોય તેવો ઘાટ સર્જાયો હતો કે પછી ઉચ્ચ અધિકારીઓ ગાંધીના સ્મારક થી અજાણ...??ની ચર્ચા ગાંધીવાદીઓમાં ચાલી હતી.

મોડાસાના મહાદેવગ્રામ (બાકરોલ)નજીક ડુંગર પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અસ્થીનું વિસર્જન કરવામાં આવ્યું છે અને સમાધિ સ્થળ બનાવી મીની રાજઘાટમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે ૧૫૧ મી ગાંધી નિર્વાણ દિવસે પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, સામાજિક કાર્યકર નિલેશ જોશી,ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ, જીલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ, બાયડ-માલપુર ધારાસભ્ય જશુભાઈ પટેલ, સરપંચ પંકજસિંહ સહીત ગણ્યા ગાંઠ્યા લોકએ વૈષ્ણવજન તો તેને રે કહીએ ભજન ગાઈ પુષ્પાંજલિ અર્પણ કરી હતી સમયની સાથે અરવલ્લી જીલ્લાના અધિકારીઓ પણ બદલાયા હોય તેમ બાપુને વિસરી ગયા હોય તેમ શ્રદ્ધાંજલિ અર્પણ થી દૂર રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે ‘મન કી બાત’ કાર્યક્રમ નિહાળવામાં આવ્યો

## ભાજપ મહિલા મોરચાની મહિલાઓ દ્વારા કાર્યક્રમ નિહાળ્યો : ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ પદમાબેન રાવલના ઘરે બેસીને કાર્યક્રમ નિહાળ્યો



પ્રાંતિજ તા.૩૦
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મનકી બાત કાર્યક્રમને ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા નિહાળ્યો

પ્રાંતિજ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ‘મન કી બાત’ કાર્યક્રમ ને લઈ ને પ્રાંતિજ ખાતે કાર્યરત ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા વોર્ડ નંબર-૨ અને ૪ની મહિલાઓ દ્વારા ખોડીયાર કુવા, તપોધન વાસ, શ્રીમાળીની ખડકીના તમામ મહિલા કાર્યકરો એ ખોડીયાર કુવા ખાતે રહેતા ભાજપ મહિલા ના ઉપપ્રમુખ પદમાબેન નૈલેષભાઈ રાવલના ઘરે બેસીને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નો મનકીબાત કાર્યક્રમ આ વિસ્તારની બહેનો દ્વારા મળીને આ કાર્યક્રમ નિહાળ્યો હતો તો આ પ્રસંગે ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ પદમાબેન રાવલ, જીગજ્ઞાબેન સોની, રિદ્ધિ બેન ભટ્ટ, જાગૃતિબેન કડીયા સહિત ની મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહીને મનકીબાત કાર્યક્રમ નિહાળ્યો હતો તો આ પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા નૈલેષભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી


ખુશી રાજેશભાઈ પ્રજાપતિ
બાયડ ગામ જિ. અરવલ્લી


ઋગવેદ પી.પટેલ
બાયડ જિ.અરવલ્લી


સુનિલ દેસાઈ
બાયડ


પ્રિયંક કનુભાઈ પટેલ
ગાયત્રીનગર સોસાયટી
બાયડ (ડેમાઇ)


યાજ્ઞિક પટેલ
પત્રકાર
ધનસુરા


અશોકભાઈ સોમાભાઈ પટેલ
આકુંદ તા. ધનસુરા

# ડીસા નગરપાલિકાની લાંબા સમય બાદ શાંતિપૂર્ણ માહોલમાં જનરલ બોર્ડની બેઠક સંપન્ન

## વર્ષો બાદ બોર્ડ ૩૦ મિનિટ કરતા વધુ સમય ચાલ્યું : બે રસ્તાઓનું નામાંકરણઃ બોર્ડમાં વિપક્ષ સહિતના નગરસેવકો શહેરના વિકાસ માટે સહમત

ડીસા, તા. ૩૦
ડીસા નગરપાલિકા ખાતે આજે સાધારણ સભાની બેઠક યોજાઈ હતી. જોકે વર્ષો બાદ સાધારણ સભાની બેઠક ૩૦ મિનિટ કરતા પણ વધુ સમય ચાલી હતી. નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી અને ઉપપ્રમુખ સવિતાબેન હરીયાણીના અધ્યક્ષ સ્થાને આજની બોર્ડની બેઠક યોજાઇ હતી.જેની શરૂઆત રાષ્ટ્રગીત વંદે માતરમ્ સાથે કરવામાં આવી હતી. બાદમાં કરવામાં આવી હતી તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાં લાઈટ, પાણી,ગટર,રોડ રસ્તા પીવાના




પાણીની વ્યવસ્થા જેવી પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડવા માટે શહેરનો વિકાસ થાય તે બાબતે સમર્થન આપ્યું હતું. શહેરી વિકાસ નિર્માણ યોજના અંતર્ગતના વિકાસ કામો પૈકી શહેરના વસ્તી વધારાના કારણે શહેરમાં વિવિધ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે એજન્ડામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

વધુમાં શહેરના રિસાલા ચોકથી તીન બત્તી વિસ્તારમાં નવા બનનાર રસ્તાનું નામાંકરણ જીવદયા પ્રેમી દિવંગત થયેલા ભરતભાઈ કોઠારીના નામે જયારે રાજપુરમાં આવેલ ગોપાલ પુરી મઠ સુધીના રસ્તાનું ગોપાલ પુરી બાપુને નામે ?નામાકરણ? કરાશે. તેમજ અમદાવાદ અંધજન મંડળ દ્વારા સંચાલિત દિવ્યાંગ ભવન ઉપર પ્રથમ માળ બનાવવા માટે નગરપાલીકા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી અને કચ્છી કોલોનીમાં પાણીના તળ ઉડા જતાં નવો બોર બનાવવામાં આવશે તેવી જાહેરાત નગર પાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી.આ સાધારણ સભામાં ઉપસ્થિત સભ્યોમાં તમામે તમામ વોર્ડના નગરસેવકો, ડીસા નગરપાલિકાના સ્ટાફ ગણ, સાધારણ સભામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ સ્ટાફ પણ તૈનાત કરાયો હતો.

### ત્રણ મહિલા સભ્યો બેઠક છોડી ચાલ્યા ગયા

અત્રે ઉલ્લેખનીય છે આજની સાધારણ સભા પૂર્ણ થાય તે પહેલાં જ ભાજપના ત્રણ નગર સેવક નિલાબેન મોતીભાઈ પ્રજાપતિ ,નીતાબેન નિલેશભાઈ ઠક્કર અને ઉષાબેન ભદ્રેશભાઈ મેવાડા બોર્ડની બેઠક છોડી ચાલ્યા ગયા હતા. જે બાબત પણ ચર્ચાનો વિષય બની હતી.

### નગરના પ્રાણ પ્રશ્નો ભુલાયા

આજની સાધારણ સભામાં લાંબા સમયથી પેચીદો બનેલ નાનાજી દેશમુખ બગીચાનો પ્રશ્ન વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવ્યો ન હતો. આ ઉપરાંત નવ નિર્મિત ઓવરબ્રિજ ઉપર છવાયેલા અંધારપટ બાબતે પણ કોઈ જ નગરસેવકે આજની સભામાં રજુઆત કરી ના હતી.

### અપક્ષની કર્મચારીઓ મુદ્દે રજુઆત

આજની બેઠકમાં અપક્ષ તરીકે ચૂંટાયેલા નગરસેવક જગદીશભાઈ મોદીએ પાલિકા કર્મચારીઓના બે થી ત્રણ પગાર ચડી ગયા છે. આ ઉપરાંત નિવૃત થયેલા કર્મચારીઓના બાકી લેણા તાત્કાલિક ધોરણે ચુકવવા બાબતે પણ રજુઆત કરી હતી.

કોરોના મહામારી દરમિયાન પોતાના પ્રાણ ગુમાવનાર અને દેશની સરહદ પર બલિદાન આપનાર વીર સપૂતો તથા ડીસાના જીવદયા પ્રેમી દિવંગત ભરતભાઈ કોઠારીને શ્રદ્ધા સુમન અર્પણ કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌનો સાથ સૌનો વિકાસ, સ્વચ્છ ભારત અભિયાન, શહેરી વિકાસ નિર્માણ યોજના અંતર્ગતના વિકાસ કામો અંગે એજન્ડા મુજબ ચર્ચા વિચારણા ભારતીય જનતા પાર્ટી હંમેશા પ્રયત્નશીલ રહી વિકાસ કામો પૂર્ણ કરશે. તેમ જણાવાયું હતું. ત્યારે સાધારણ સભામાં ઉપસ્થિત વિપક્ષ અને આમ આદમી પાર્ટીના નગરસેવક દ્વારા કેટલાક એજન્ડા બાબતે વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.જેથી થોડા સમય માટે તૂ તૂ મેં મેં જોવા મળી હતી પરંતુ બાદમાં આમ આદમી પાર્ટી અને અન્ય કોંગ્રેસના સદસ્યોએ પણ પાલિકાનો પારદર્શક વહીવટ સાથે

# પ્રાંતિજના કરોલ ખાતે મહાકાલી માતાજીનો દસમો પાટોત્સવ ઉજવાયો

## માતાજીનો ૧૦મો પાટોત્સવ રંગેચંગે ઉજવ્યો : હવન પુજા આરતી સહિતના કાર્યક્રમો યોજાયા




પ્રાંતિજ તા.૩૦
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કરોલ ખાતે મહકાલી માતાજી નો ૧૦ પાટોત્સવ રંગેચગે યોજાયો.

પ્રાંતિજના કરોલ ખાતે આવેલ મહાકાલી માતાજીના મંદિર ખાતે ૧૦ મો પાટોત્સવ રંગેચંગે સમસ્ત ગામજનો દ્વારા ઉજવવામા આવ્યો હતો જેમા નવચંડી હવન, પુજા, આરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા જેમા ૧૮ યજમાનોએ ધર્મ લાભ લીધો હતો જેમા મુખ્ય યજમાન તરીકે રોહીત કુમાર જગદીશભાઇ એ ધર્મ લાભ લઈને ધન્યતા અનુભવી હતી તો ભૂદેવ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મંત્રોચ્ચાર દ્વારા પુજા કરવી હતી સમગ્ર પાટોત્સવનું આયોજન સમગ્ર ગ્રામજનો સરપંચ રમેશજી મકવાણા તેમજ રામદેવ મંડલ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો ગ્રામજનો સહિત આજુબાજુમાંથી આવેલ ધર્મ પ્રેમી લોકો એ દર્શન કરી પ્રસાદ લઈ ને ધન્યતા અનુભવી હતી

## બનાસડેરીનો માનવીય અભિગમ

# કોરોનાકાળમાં અવસાન પામેલા કર્મચારીઓના વારસદારને નોકરીએ લેવામાં આવ્યા...

પાલનપુર, તા. ૩૦
કોરોના મહામારીએ સમગ્ર દેશ અને દુનિયામાં હાહાકાર મચાવીને કેટલાય પરિવારોમાં તબાહી મચાવી છે તે સંજોગોમાં બનાસડેરીના નિયામક મંડળે ખાસ કિસ્સા તરીકે નિર્ણય લઈને જે કર્મચારીનું કોરોના કાળમાં કોરોના બિમારીથી અવસાન થયુ હતુ તેમના પરિવારમાંથી તેના વારસદારને નોકરીમાં લઈને આપત્તિના સમયે પરિવારના વ્હારે આવી છે. આજે બનાસડેરી ખાતે કોરોના કાળમાં અવસાન પામેલા આઠ



કર્મચારીના વારસદારને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ નિયામક મંડળના સભ્યશ્રીઓના હસ્તે નોકરીના નિમણૂંક પત્રો આપવામાં આવ્યા હતા. જેમાં (૧) નીધીબેન રજુજી રાજપુત (૨) સંજયકુમાર ગણેશભાઈ પ્રજાપતિ (૩) ધનંજય કૌશિકભાઈ રાઠોડ(લીંબાચીયા) (૪) કિરણકુમાર પ્રકાશભાઈ ચૌધરી (૫) મુકેશભાઈ કેવદાભાઈ પ્રજાપતિ (૬) ચિરાગભાઈ ભલાભાઈ ચૌધરી (૭) હિતેશભાઈ હકમાભાઈ ચૌધરી (૮) અલ્કેશકુમાર મેઘજીભાઈ ચૌધરી નો સમાવેશ થાય છે. લાભાન્વીત પરિવારોના આપ્તજનોએ ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળનો આભાર વ્યકત કરીને તેમના પરિવાર પર આવી પડેલ આપત્તિના સમયે બનાસડેરીએ ખાસ કિસ્સા તરીકે લીધેલા નિર્ણય બદલ આભાર વ્યકત કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# ધાનેરા ખાતે બનાસ બેંકના ચેરમેન તેમજ સરપંચ-ઉપસરપંચોનો સન્માન સમારોહ યોજાયો

## માવજીભાઈ દેસાઈ દ્વારા સરપંચ-ઉપસરપંચોને શાલ તેમજ ખેસ પહેરાવી સન્માન કરાયું

પાલનપુર તા.૩૦
બનાસ બેંક ના નવનિયુક્ત ચેરમેન તેમજ તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયત ની ચૂંટણીમાં વિજેતા બનેલા સરપંચ અને ઉપસરપંચો નો અભિવાદન સમારોહ ધાનેરા ના થાવર સ્થિત સરગમ બિઝનેસ હબ ખાતે યોજાયો હતો. બનાસકાંઠા જીલ્લા ની સૌથી મોટી સહકારી બેંક એટલે કે બનાસ બેંક ના ચેરમેન અણદાભાઈ પટેલ અને ધાનેરા તાલુકાના નવનિયુક્ત સરપંચ અને ઉપ સરપંચ નો સન્માન સમારોહ શુક્રવારે ધાનેરા ના થાવર ખાતે આવેલ સરગમ બિઝનેસ હબ ખાતે બનાસકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ ના અધ્યક્ષ સ્થાને અને સાંસદ પરબતભાઈ પટેલ ધારાસભ્ય શશીકાંત પંડયા, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણ જીલ્લા ભાજપ પ્રભારી



સુરેશભાઈ શાહ નંદાજી ઠાકોર ભાજપના આગેવાન ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ સન્માન સમારોહ ના સૌજન્ય દાતા માવજીભાઈ દેસાઈ જીલ્લા ભાજપ મહામંત્રી કનુભાઈ વ્યાસ, દિલીપભાઈ ઠાકોર સહિત ભાજપના આગેવાનો કાર્યકરો તેમજ વિશાળ સંખ્યામાં ખેડૂતો ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના સંવાદદાતા હરેશ જી .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કાર્યક્રમની શરૂઆતમાં ભાજપના આગેવાન ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ સન્માન સમારોહ ના સૌજન્ય દાતા માવજીભાઈ દેસાઈ દ્વારા સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ચેરમેન અણદાભાઈ પટેલ ને ફુલહાર શાલ તેમજ મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જયારે ધાનેરા તાલુકાના નવનિયુક્ત સરપંચ અને ઉપસરપંચો નું પણ દબદબાભેર સન્માન કરવામાં આવ્યું હતુંસન્માન સમારોહનેસફળ બનાવવા માટે માવજીભાઈ દેસાઈ વસંતભાઈ પુરોહિત જગદીશભાઈ પટેલ હરજીભાઈ પટેલ પુનમાજી સુથાર સહિત ધાનેરા તાલુકા ભાજપ અને ધાનેરા શહેર ભાજપના આગેવાનો સહિત કાર્યકરોઅનેઆગેવાનોએભારે જહેમત ઉઠાવી હતી.



૩૦ જાન્યુઆરી એ ભારતના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ની ‘‘મન કી બાત’’ બાયડ શહેરના વોર્ડ નંબર ૫ ના લઘુમતી વિસ્તારના ભાઈઓ સાથે સાંભળ્યો અને ‘‘સૌનો સાથ સૌને વિશ્વાસ અને સૌનો વિકાસના’’ મંત્રને ચરિતાર્થ કર્યો.સાથે નમો એપના ઉપયોગ તથા માઈક્રો ડોનેશન અંગે ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું.